# શિક્ષક તાલીમમાં નવતર પ્રયોગ

કોઈપણ પણ વ્યવસાયમાં વ્યવસાયી માટે તાલીમનું ખૂબ જ મહત્ત્વ છે. વ્યક્તિનો જેટલો વિકાસ તેટલો વ્યવસાયનો વિકાસ. કોઇપણ વ્યવસાય માટે તેની નીપજ-આઉટપુટ-પ્રોડક્ટીવીટી મહત્ત્વની છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યવસાયકર્તાને જે તે સમયની જરૂરિયાત અને તેની શક્તિ મુજબ તાલીમ આપવામાં આવી હોય. આધુનિક પ્રવાહોમાં દિનપ્રતિદિન તાલીમનું મહત્ત્વ વધતું જાય છે. આપણે સૌ જાણીએ જ છીએ કે, આજના કમ્પ્યૂટર યુગમાં જ્ઞાનમાં દર સેકન્ડે વધારો અને ફેરફાર થઈ રહ્યો છે. ત્યારે દરેક કર્મચારીને પરપેક્ટ બનવું જ પડે અને જે તે માલિકે પોતાના કર્મચારીને પરફેક્ટ બનાવવો જ પડે. નહીં તો જે તે કર્મચારી અને તેની કંપની કે તેના નોકરી દાતા બજારમાંથી ફેકાંઇ જાય. તાલીમ આપવાનો બીજો ફાયદો એ પણ છે કે, કર્મચારીની કામ કરવાની આવડતમાં ફેરફાર થાય છે. આ ફેરફારને કારણે કર્મચારીની કામ કરવાની ઝડપમાં વધારો થાય છે સાથે તેની ગુણવત્તામાં પણ વધારો થાય છે. આમ બંને રીતે ફાયદો જ જોવા મળે છે. આજનો જમાનો ગ્રાહકલક્ષી બની રહ્યો છે, ત્યારે ગ્રાહકને સાચા અર્થમાં સંતોષ આપવો તે દરેક વ્યવસાયકર્તાની ફરજ બની જાય છે. ત્યારે જે તે કંપની કે ગ્રુપ કે સંચાલનકર્તાની માત્ર ફરજ જ નહીં પણ જવાબદારી પણ બની જાય છે કે પોતાના કર્મચારીઓના કૌશલ્યમાં વધારો કરીને ગ્રાહકને સંપૂર્ણ સંતોષ આપવો. પછી તે જૂથ ભલે ને આરોગ્ય, શિક્ષણ, કૃષિ કે અન્ય કોઇ ક્ષેત્ર સાથે જોડાયેલ કેમ ન હોય ?

આજે મોટાભાગના ક્ષેત્રો પોતાના કર્મચારીની પસંદગી કરવામાં ચોક્કસ ધોરણો અપનાવે છે, પોતાના જૂથની માંગને અનુકૂળ આવે તેવા કર્મચારી પસંદ કરવા માટે વિવિધ પ્રકારની યુક્તિ પ્રયુક્તિ પણ અપનાવે છે. કર્મચારી પસંદ થયા બાદ તેના કૌશલ્યમાં વદારો કરવાના પ્રયત્ન કરે જ છે, એ માટે વિવિધ પ્રકારની તાલીમ પણ ગોઠવે છે. જેમાં કેટલાક કર્મચારી જે તે તાલીમને હળવાશથી લે છે તો કેટલાક કર્મચારી જે તે તાલીમને ખૂબ જ ગંભીરતાથી પણ લે છે.હળવાશથી લેનાર કર્મચારી પાછળ ધકેલાય છે જ્યારે ગંભીરતાથી તાલીમ લેનાર કર્મચારી જુનિયર હોવા છતાં આગળ નીકળ જાય છે. આવી તાલીમનો ખર્ચ ક્યારેક કર્મચારીએ પોતે ઉપાડવાનો હોય છે તો ક્યારેક કંપની કે જૂથ પોતે આપે છે. એક બાબત ખાસ ધ્યામ પર આવી છે કે મફતાં મળતી તાલીમ નો લાભ ક્યારેક કર્મચારીઓ ખૂબ જ હળવાશથી લેતા હોય છે, પણ પોતાના ખીસ્સામાંથી પૈસા ભરેલા હોય તો તેને થોડી ગંભીરતાથી લેતા હોય છે.

ગુજરાત ની વાત કરીએ તો ગુજરાત સરકાર પોતાના કર્મચારીઓના કૌશલ્યમાં વધારો તાય અને વધુ પ્રમાણમાં ગ્રાહકલક્ષી બને તે માટે પ્રયત્નો કરી રહી છે. આમછતાં ક્યારેક આયોજનની સામાન્ય ખામીને કારણે જે તે તાલીમના ખર્ચના પ્રમાણમાં વળતળ મળતું નથી. તાલીમોમાં મોટાભાગે આદર્શની વાતો વદારે હોય ચે અને વ્યવહારિક વાતો ઓછી જોવા મળે છે, ત્યારે હમણાંજ જાણવા મળેલ મુજબ અમદાવાદ મ્યુનિસિપાલીટીના આશરે ૩૦૦શિક્ષકોની  તાલીમે ભારે કુતૂહલ દર્શાવ્યુ છે અને ભારે સફળતા પણ મેળવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા આપેલ તાલીમનું મુખ્ય આકર્ષણ હતું તેની વ્યવહારિકતા.

આ તાલીમ દરમિયાન શિક્ષકોને મૌખિક આદર્શની વાતો કરવાના બદલે પ્રયોગશીલતા પર વધય ધ્યાન દોરવામાં આવ્યું હતું. જેના કેટલાક ઉદાહરણ રજૂ કરવાથી જે તે બાબત વધારે સ્પષ્ટ થશે અને તાલીમ આપનાર માટે વધારે પ્રેરણાદાયી પણ બનશે. આ તાલીમના વિવિધ વિષયોમાં એક વિષય હતો દૂરવર્તી શિક્ષણ. અત્યાર સુધી આ વિષય માટે તાલીમમાં મૌખક રીતે જણાવવામાં આવતું કે દૂરવર્તી શિક્ષણ

એટલે શું ? તે કોણ આપે ? શા માટે આપે કેવી રીતે આપે વગેરે. જ્યારે અમદાવાદ સ્કૂલ બોર્ડે એમ ન કરતાં દૂરવતદ્ધ શિક્ષણ આપતી સંસ્થા ઈગ્નુ-અમદાવાદ , બાયસેગ- ગાંધીનગર અને આકાશવાણી રેડિયો-અમદાવાદની પ્રત્યક્ષ મુલાકાત ગોઠવી. જ્યાથી તાલીમાથીઓને પ્રત્યક્ષ ખ્યાલ આવ્યો કે કયા કયા કાર્યક્રમો, કેવી રીતે, શા માટે ગોઠવાય છે ? જેમાં ગુણવત્તાના ધોરણો કયા છે વગેરે. આમ પ્રત્યક્ષ જાત અનુભવ દ્વારા મેળવેલ જ્ઞાન તાલીમાર્થીઓમાં લાબાં સમય સુધી ટકશે અને વધારે વિશ્વાસ બેસશે. આ ઉપરાંત બીજો વિષય હતો પર્યાવરણ અને વિજ્ઞાનને લગતો. જે માટે તમામ શિક્ષકોએ મુલાકાત લીધી વિક્રમ સારાભાઇ કમ્યુનિટી સેન્ટરની. અહીંથી જ તેઓને વ્યવહારિક જ્ઞાન આપવામાં આવ્યું. જરૂરી પ્રયોગો શિક્ષકોએ જાતે જ કર્યા. અન્યોન્ય પૂછપરછ કરી, એકબીજાને સહકાર આપ્યો અને મેળવ્યો પણ ખરો. અંતે ટેકનોલોજી વ્યક્તિના જીવનમાં કેવું અને કેવી રીતે પરિવર્તન લાવી શકે છે તેનો જાત અનુભવ પણ મેળવ્યો. એટલાથી અધુરું હોય તેમ પર્યાવરણની વધુ માહિતી મેળવવા અને વધુ જાગૃત થવા વનચેતના કેન્દ્ર-ગાંધીનગરની પણ મુલાકાત લીધી.જ્યાં પ્રકૃતિના સાનિધ્યમાં છોડ, વેલા, વૃક્ષ જેવ વનસ્પતિઓ અને ઔષધિઓની માહિતી જોઇ, અનુભવી અને શાળા સુધી- બાળકો સુધી કેવી રીતે લઇ જવાય તેનો અનુભવ પણ કર્યો.

આરોગ્ય અને સ્વસ્થ્યના અનુસંધાનમાં બાળનિષ્ણાતને બોલાવી તેમની સાથે પ્રશ્નોત્તરી કરી, બાળકોમાં જોવા મળતી સમસ્યાઓ અને ઉપાયો અંગે વિસ્તૃત ચર્ચા પણ કરી જે ખૂબ જ મહત્ત્વની બાબત ગણી શકાય. જેનો ઉપયોગ શાળા કક્ષાએ ચાલતી મધ્યાહન યોજનામાં શિક્ષકો કરી શકશે. જેનો લાભ કે ફાયદો બાળકોને જ થશે. વિશિષ્ટ બાળકોના શિક્ષણ અંગેનો જાત અનુભવ મેળવવા તમામ શિક્ષકો પહોંચી ગયા અંધજન મંડળ દ્વારા ચાલતી શાળામાં. આ ઉપરાંત અન્ય વિકલાંગતાને કારણે અભ્યાસમાં પછાત રહેતા બાળકોની મુલાકત લીધી. જેને કારણે જે તે બાળકોમાં રહેલી શક્તિઓ અને મર્યાદાનો ખ્યાલ શિક્ષકોને પ્રત્યક્ષ મળ્યો. જેને કારણે શિક્ષકોમાં જે તે બાળકો માટે સહાનુભૂતિનું ઝરણું આપોઆપ મનમાં વહેવા લાગ્યું. જેને કારણે કોર્પોરેશનની શાળામાં આવતા આવા વિશિષ્ટ બાળકો સાથે કેવું વર્તન કરવું તેનો માત્ર ખ્યાલ જ નહીં પણ અનુભવ પણ મળ્યો. શિક્ષકોનું કામ શિક્ષણ આપવાનું જ છે. ત્યારે સ્વાભાવિક છે કે કોર્પોરેશનના શિક્ષકો ચિલ્ડ્રન યુનિવર્દ્ધસટીની મુલાકાત લે જ. જેને કારણે શિક્ષણના નૂતન અભિગમ અને શૈશવકાળથી યુવાવસ્થા સુધીના બાળકોના શિક્ષણ અંગેની માંગ અને જરૂરિયાત પણ જાણી, જે તેમને તેમની પ્રશિક્ષણ તાલીમ દરમિયાન જાણવા નહોતી મળી. આ ઉપરાંત સાહિત્ય પરિષદ અને પાઠ્યપુસ્તક મંડળની મુલાકાતો પણ શિક્ષકોને ચેતન બનાવી ગઇ હશે જ.

ઉપરોક્ત રીતે જોતાં અમદાવાદ મ્યુનિસિપાલીટી શિક્ષણ બોર્ડ દ્વારા તાલીમમાં નવા અભિગમ સાથે જીવંતતા લાવવામાં આવી. જ્યાં માત્ર ભાષણો દ્વારા તાલીમ ન આપતાં પ્રત્યક્ષ અનુભવો કરાવીને તાલીમ આપવામાં આવી. જેનો પ્રતિભાવ સૌ શિક્ષકોએ ખૂબ જ હકારાત્મક આપ્યો. જેમાંથી પ્રેરણા લઈને સરકાર કે અન્ય ખાનગી એજન્સી દ્વારા ચાલતા તાલીમી કાર્યક્રમમાં અમલ કરવા જેવો છે. જે નવો ચીલો ચાતરીને લક્ષ્ય સુધી પહોંચવા માટેનું સફળ શસ્ત્ર સાબિત થશે.

**dr.patelashok@gmail.com**